ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



વિશ્વ વન દિવસ - ગાંધીનગર ખાતે વિશ્વ વન દિવસની ઉજવણી નિમિત્તે સવારે રેલી યોજાઈ હતી. જન જાગૃતિ અર્થે યોજાયેલી રેલીમાં વન સંવર્ધન અને પર્યાવરણ જાગૃતિના સંદેશ આપતા પ્લેકાર્ડ સાથે યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો અને કર્મચારીઓ જોડાયા હતાં. **(તસવીર : દિપક જાની)**

# શહેરમાં રોજ ૫૦ લાખ લિટર પાણીનો આમ જ બગાડ થાય છે

## આજે વિશ્વ જળ દિવસ : પડીકે વેચાતા પાણીનું મૂલ્ય સમજી બગાડ અટકાવવા જાગૃતિ અનિવાર્ય

ગાંધીનગર, તા. ૨૧

આજે વિશ્વ જળ દિવસ... જળ વિના જીવન નહીં... પાણી પ્રત્યેક જીવની મુખ્ય જરૂરિયાત હોવાથી તેનો વેડફાટ ન થાય તે બાબત હવે અત્યંત મહત્વની બની છે. આજના યુગમાં પડીકે વેચાતા પાણીએ માનવજગતને પોતાનુ મુલ્ય સમજાવી દીધુ છે. આમ છતાં દિનપ્રતિદિન વધતી પાણીની જરૂરીયાત સાથે થતો પાણીનો બગાડ પણ ઘેરી ચિંતાનો વિષય બન્યો છે. ગાંધીનગરાઓ પ્રતિદિન ૫૫ એમ.એલ.ડી. એટલે કે રોજ ૭ કરોડ ૫૦ લાખ લીટર પાણીનો વપરાશ કરે છે. નળમાં પાણી સપ્લાય કરતા વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. બીજી તરફ આકરી ગરમીના દિવસોમાં છાશવારે ઉઠતી પાણીની પોકારના અંતે પણ શહેરમાં રોજ ૫૦ લાખ લીટર પાણીનો બગાડ થતો હોવાનો અંદાજ છે. ભૂગર્ભ જળના તળિયા નીચે ગરકાવ થતા જાય છે ત્યારે જળ વિના જીવન શક્ય નથી તે વાતને સાર્થક કરવા શિક્ષિત નગરજનોએ મહામુલ્ય પાણીનો વેડફાટ અટકાવવા હવે ચોક્કસ જાગૃત થવું પડશે.

શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા તંત્ર દ્વારા ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ટર લી.ને એક હજાર લિટર દીઠ રૂ. ૩ ચુકવવામાં આવે છે. જ્યારે રોજ ૫૫ એમ.એલ.ના પાણી વપરાશને ધ્યાને લઈ પ્રતિદિન ૭ કરોડ ૫૦ લાખ લીટર પાણીનો સપ્લાય આપવામાં આવે છે. શહેરના જૂના અને નવા સેક્ટરોમાં પાણી પહોંચતું કરવા બોર અને પમ્પીંગ સ્ટેશનોમાં વીજ સપ્લાય માટે પ્રતિભાવ રૂ. ૫૦ લાખનું તોતિંગ વીજબીલ પણ ચુકવાય છે. અલબત્ત પાણી વિતરણ માટે પ્રતિભાવ સરકાર રૂ. ૧.૨૦ કરોડનો ખર્ચ કરે છે. જ્યારે થોડા દિવસો પૂર્વે જ શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાતા સેક્ટરોમાં હવે ફોર્સથી પાણી પુરૂ પાડવામાં આવે છે. જૂના સેક્ટરોમાં પણ મહિનાની શરૂઆતથી સવારે કોમન સપ્લાય આપવામાં આવી રહ્યો છે. જ્યારે નવા સેક્ટરોમાં પણ નવી પાણી વિતરણ વ્યવસ્થા પાછળ કરોડોનો ખર્ચ કરાયો છે જેના પરિણામે દોઢ દાયકાના અંતે મકાનોમાં રસોડા સુધી પાણી પહોંચતું થયું છે. શહેરીજનોને પાણી છુટથી મળે છે પરંતુ સેક્ટરોમાં સ્થિત પાણીના બોરમાં તળ નીચે ઉતરતા જાય છે. જૂના અને નવા સચિવાલય ઉપરાંત શહેરના ગ્રામ્ય વિસ્તારોમાં બોરનું પાણી સપ્લાય થાય છે. જ્યારે હાલની સ્થિતિએ બોરમાં પાણીના તળ ૨૦ ફૂટ નીચે ગરકાવ થઈ ગયા છે.

(અનુસંધાન પાના નં. ૭૫૨)

**નોટીસ**

સાંચાકામ સબબે તારીખ ૨૩-૩-૨૦૧૩ શનિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) GLDC S/S

**ટોરેન્ટ પાવર લિમીટેડ**

# મનપા દ્વારા ભાડા વસુલી માટે માઈક્રો શોપીંગના ૧૦૦ દુકાનદારોને નોટીસ

**૨૦ લાખથી વધુની ભાડા વસુલી માટેની નોટીસો જારી કરાઈ**

**મુદતમાં નાણાં નહિ ભરાય તો સીલીંગ જેવા પગલાં લેવાશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં આવેલા માઈક્રો શોપીંગ સેન્ટરના દુકાનોના બાકી નીકળતા ભાડાની વસુલી માટે મહાનગરપાલિકા દ્વારા નોટીસો ફટકારવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૦૦ થી પણ વધુ દુકાનધારકોને અંદાજે રૂ. વીસ લાખથી વધુની ભાડા રકમની વસુલી માટે તંત્ર દ્વારા નોટીસો ફટકારવામાં આવી છે. આ નોટીસમાં અપાયેલા પંદર દિવસની મુદતમાં જો ભાડુ ભરપાઈ કરવામાં નહિ આવે તો સિલીંગ જેવા આકરા પગલાં ભરવાના નિર્દેશો પણ તંત્રના સૂત્રોમાંથી સાંપડી રહ્યા છે.

શહેરના વિવિધ સેક્ટરોના લારી ગલ્લાના ભાડાની વસુલીની સાથે સાથે માઈક્રો શોપીંગની ભાડા વસુલી માટે પણ તંત્રએ પોતાનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે અને હવે આવક તેના સીમીત સ્ત્રોતો હોવાથી વધારવા માટેના તમામ પ્રયાસો કરાશે.

કોર્પોરેશનના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરના જુદા જુદા સેક્ટરોમાં આવેલા માઈક્રો શોપીંગમાં ૩૦૦ થી પણ વધુ દુકાનદારો છે અને તંત્ર દ્વારા આ દુકાનદારોના ભાડા-વસુલી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લારી-ગલ્લાઓની ભાડા-વસુલી પણ ઘણી ચડત હોવાનું તંત્રના ધ્યાને આવ્યું છે અને આ વસુલી માટેની કવાયત પણ હાથ ધરવામાં આવી છે.

કોર્પોરેશનના બજેટમાં જ આવકના સાધનોમાંથી વધુ આવક મળે તે માટે પુરેપુરૂ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે તેવા મ્યુનિ. કમિશનરશ્રીના નિર્દેશ પછી તંત્રએ પ્રથમ ભાડા વસુલી અને નવા નાણાંકીય વર્ષમાં વ્યવસાય વેરાની વસુલીને અસરકારક બનાવવાની આખી વ્યુહરચના તૈયાર કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.

# અંગ્રેજીમાં યુનિટી ઈન ડાઈવર્સિટી અંગે નિબંધ પૂછાયો : પેપર સરળ

## ૯ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા એક પણ કોપી કેસ નહી

ગાંધીનગર, તા. ૨૧

ધો. ૧૨ વિ. પ્રવાહ સેમેસ્ટર-૪માં આજે અંગ્રેજી વિષયની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૫૪૦૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ૯ પરીક્ષાર્થી ગેરહાજર રહ્યા હતા. અંગ્રેજીનું પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓને હાંશ થઈ હતી. ધો. ૧૨ની બોર્ડ પરીક્ષા પૂર્ણતાના આરે છે. જ્યારે અત્યાર સુધી એક પણ કોપી કેસ નોંધાયો ન હોવાનું પણ શિક્ષણતંત્રએ જણાવ્યું છે.

માર્ચના પ્રથમ સપ્તાહથી શરૂ થયેલ બોર્ડ પરીક્ષા મહિનાના અંતે પૂર્ણ થશે. ધો. ૧૦ની બોર્ડ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયા બાદ ગત તા. ૧૮ માર્ચથી ધો. ૧૨ વિ. પ્રવાહના સેમીસ્ટર-૪ની પરીક્ષાનો પ્રારંભ થયો છે. જ્યારે સેમેસ્ટર-૪માં ગણિત, રસાયણવિજ્ઞાન, ફીઝીક્સ સહિતના મહત્વના વિષયોની પરીક્ષા પૂર્ણ થયા બાદ આજે અંગ્રેજીની કસોટી યોજવામાં આવી હતી. અંગ્રેજીનું પેપર પણ ફીઝીક્સની જેમ સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. અંગ્રેજીમાં યુનિટી ઈન ડાઈવર્સિટી તેમજ સેટેલાઈટ એટ અવર સર્વિસનો નિબંધ પુછાયો હતો જ્યારે સેલીબ્રેશન ઓફ સાયન્સ કેર અંગે રીપોર્ટ પૂછાયો હતો. અંગ્રેજીનું પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક આધારિત અને સરળ હોવાનું વિષય નિષ્ણાતોએ જણાવ્યું છે. પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હોવાનું પણ શિક્ષણતંત્રએ જણાવ્યું છે.



અકસ્માત ઝોન - ગાંધીનગરના રાજમાર્ગમાં સે-૭/૮ ક્રોસ માર્ગ દિવસે દિવસે અકસ્માત ઝોનમાં ફેરવાતો જાય છે. ગાંધીનગરના રાજમાર્ગ પર બેદરકારીથી ચલાવાતા વાહનો કેવા અકસ્માત સર્જે છે તેની આ એક ઝલક છે. સેન્ટ્રલ વિસ્ટા ઉપર આખી ગાડી ચઢી જાય ત્યાં સુધી વાહનચાલકને ધ્યાન ના રહે એ તો એક અજબ જેવી વાત છે. સદ્ભાગ્યે કોઈ જાનહાનિ ન થઈ નહિતર આ અકસ્માત જીવલેણ નીવડે એમાં કોઈ શંકા દેખાતી નથી. **(તસવીર : દિપક જાની)**

# આજથી ગાંધીનગર જિલ્લામાં જળ સહયોગ સપ્તાહ ઉજવાશે

## તાલુકા કક્ષાએ કાર્યશાળાઓ, મહિલાઓ સાથે સંવાદ, રેલી સહિતના કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં વિશ્વ જળ દિન નિમિત્તે જળ સહયોગ સપ્તાહની ઉજવણી અન્વયે તા. ૧૬થી ૨૨ માર્ચ દરમિયાન જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વ જળ દિન નિમિત્તે ૨૨મી માર્ચ વિશ્વ જળ દિન નિમિત્તે જળ સહયોગનાં થીમ સાથે ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં સમગ્ર ગુજરાત રાજયમાં વાસ્મો દ્વારા 'જળ સપ્તાહ'ની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાસ્મોનાં સહયોગથી ગાંધીનગર જિલ્લામાં આ સપ્તાહ દરમ્યાન ગ્રામ્ય કક્ષાએ પાણી સમિતિઓ સાથે બેઠકો, મહિલાઓ સાથે સંવાદ, રેલીઓ, તાલુકા કક્ષાએ કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાનાં કલોલ તથા દહેગામ તાલુકાનાં ગામોને ધ્યાને રાખીને વાસ્મો દ્વારા વર્ષ-૨૦૧૩-૧૪ દરમ્યાન લોકભાગીદારીનાં અભિગમથી પીવાના પાણીની સુવિધા ઉભી કરવા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વજળ દિનનું મહત્વ, જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા હાથ ધરેલ પીવાના પાણીનાં કામો, પાણી પુરવઠાની સુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદાનું શુદ્ધ પેય જળ માટેની વ્યવસ્થા, નાટકો દ્વારા સંદેશો, પીવાના પાણી ક્ષેત્રે લોકભાગીદારીનો

(અનુસંધાન પાના નં. ૭૫૨)

### ગાંધીનગરમાં આજે સેમિનાર યોજાશે

ગાંધીનગરમાં પાણીનો પ્રશ્ન પહેલેથી જ જટીલ સ્વરૂપે ઉતરી રહ્યો છે. ગરમીના દિવસોમાં સેક્ટરોમાં ઉઠતી પાણીની પોકાર સાથે શેરીઓમાં દૂષિત અને દુર્ગંધયુક્ત પાણી પહોંચતું હોવાનો વ્યાપક રોષ પણ ક્યારેક ફરિયાદ સ્વરૂપે ઉતરતો જોવા મળે છે. અગાઉ પાણીના પ્રશ્નો સેક્ટરોમાં બેડાયુદ્ધ સર્જાયુ હોવાના પણ કિસ્સાઓ છે ત્યારે છૂટથી પાણી વાપરવા ટેવાયેલા નગરજનોએ ઘણીવાર પાણીની ખેંચ વેઠી મોં વંકાવુ પડે છે. બીજીતરફ શહેરમાં થતો પાણીનો બગાડ પણ ચિંતાનો વિષય બન્યો છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા વિશ્વ જળ દિનની ઉજવણીના ભાગરૂપે તા. ૨૨ માર્ચના રોજ સે. ૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે બપોરે ૨ કલાકે મહિલાઓ અને પાણી વિષય અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. નગરજનોને આ સેમિનારમાં ભાગ લેવા પણ જણાવાયું છે.




Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com